

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વેરાન વગડે લટકે છે કપાયેલો પતંગ!*
*વૃક્ષોની ડાળે અટકે છે કપાયેલો પતંગ!*
*કપાયેલા પતંગ ભટકે છે કોર્ટ-કચેરીમાં -*
*પૂજે ન પૂછે, ખટકે છે આંખે કપાયેલા પતંગ!*
*(વાસી ઉત્તરાણ)*

### હાઈકુ

*ચગ્યા'તા બહુ!*
*નિકળી ગઈ હવા -*
*ખાધી ગૂલાંટ...*

*કોઈ ઠૂમકે*
*કે ખેંચાય જો દોર -*
*ચઢે છે ઉંચા !*

### ચિંતન

*લોકવાસનયા જન્તોઃ શાસ્ત્રવાસનયાડપિ ચ ।*
*દેહવાસનયા જ્ઞાનં યથાવન્નૈવ જાયતે ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જીવમાં લોકખ્યાતિની, શાસ્ત્રચાતુરીની અને દેહાત્મભાવની વાસના જેવી છે`તેવી હોય ત્યાં સુધી સાચું આત્મજ્ઞાન થતું જ નથી.

જયારે મનમાંથી વાસના-ઈચ્છાઓ-અપેક્ષાઓ દૂર થાય ત્યારે જ 'મુક્તિ' મળે બાકી બધા લોકોમાં ધનની એષણા - ખ્યાતિની અપેક્ષા, શરીર-તંદુરસ્તી, ભોગ-વિલાસની વાસના હોય ત્યાં સુધી 'આત્મજ્ઞાન' પામવામાં બાધઆઓ રહે જ છે.

### સુવિચાર

- જયું તેલ માંહી તેલ હૈ, જયું ચકમક મેં આગ। તેરા સાંઈ તુઝ મેં બસે, જાગ તો જાગ - **કબીર**
- સહનશીલતા એ સ્વભાવ નહીં, સંસ્કાર હૈ, ત્રાજવું વજન માપી શકે છે, ગુણવત્તા નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- બુફેનો જમાનો છે, નથી બેસતી હે 'પગંત', સંગતમાં તો છે હર કોઈ, પણ કહેવું કોને 'અંગત'? - **ધૂની માંડલિયા**
- પડકારો હોય તો જીવન રસપ્રદ બને, પડકારો ન પહોંચી વળાય તો જીવન અર્થપૂર્ણ બને - **ચિત્રલેખા**
- સમય જયારે શિકાર કરે છે, ત્યારે દરેક દિશાએથી વાર કરે છે - **સમયસૂત્ર**
- 'ન ભાવતાઓ' ને પણ નભાવતા શીખો - **વજુ કોટક**
- આજનું ઔષધ : શીંગોડાના લોટમાંથી બનાવેલ શીરોનું એકાદ મહિનો સેવન કરવાથી સ્ત્રીને ગર્ભધારણ સફળતાથી થઈ શકે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જીવનમાંથી અંધકારને હટાવવું નકામું છે, કારણ કે અંધકારને હટાવી શકાતો નથી પણ પ્રકાશને આપણે પેટાવી શકીએ છીએ. ખૂબ જુના જમાનાની વાત છે. ત્યારે પ્રકાશ કે અગ્નિની પણ શોધ થઈ ન હતી. અંધારામાં લોકોને ખૂબ મુશ્કેલી પડતી હતી. રાતનું અંધારું દૂર કરવા લોકોએ ઘણા ઉપાય કર્યા, મંત્રો કર્યા, પ્રાર્થના કરી, આકાશમાં જોઈને હાથ ઊંચા કરીને માંગણી કરી પણ અંધારું ન ગયું. એક યુવાને એવું પણ કહ્યું કે બધા ભેગા થઈને અંધકાર એક મોટી ટોપલીમાં ભરો અને તેને ગામના છેડે ખાડામાં નાખી આવો. અંધકાર ધીમે ધીમે ક્ષીણ થશે. લોકોએ એવું પણ કર્યું અને હવે તો એવો રિવાજ શરૂ થઈ ગયો કે સૌ પોતાનું અંધારું ટોપલીમાં ભરી પેલા ખાડામાં ઠાલવવા લાગ્યા. ત્યાં એક યુવાન કોઈ અપ્સરાના પ્રેમમાં પડ્યો. તેની સાથે લગ્ન કર્યા. રાત પડી એટલે બધા વૃદ્ધોએ એ અપ્સરાને પણ ટોપલી આપી અંધારું ફેંકવા જવા કહ્યું. પેલી અપ્સરા હસી પડી. તેણે એક માટીનું કોડિયું લીધું એમાં રૂની દિવટે કરી ઘી ભરેલા કોડિયામાં રાખી. બે ચકમક પથ્થરોને એકબીજા સાથે ઘસીને અગ્નિ ઉત્પન્ન કર્યો. દીવો થયો. અજવાળું થયું અને અંધારું ગયું. બધાએ હવે ટોપલી ભરીને અંધારું ફેંકવાનું બંધ કર્યું. અને દીવો કરતાં શીખી લીધું. આપણે પણ કંઈક અંશા આવા જ છીએ કે જીવનમાં દીવો કરતાં નથી અને અંધારા સામે લડવાનું ચાલું રાખીએ છીએ. અને એમાં એવા ઘણાંયે અવસરને ગુમાવી દઈએ છીએ કે અજવાળું થતાં અલૌકિક પ્રકાશમાં પરિવર્તન થઈ શકે. નિષેધાત્મક પલાયનવાદ નહીં પણ જીવનને હકારાત્મક દિશા આપીએ સફળતાનો સુવર્ણમંત્ર છે.

# માયાવતીનો મનોરથ મોટો છે

**તંત્રીસ્થાનેથી...**

બાબુ જગજીવનરામે કયારેક કહ્યું હતું : ઈસ કમ્બખ્ત દેશ મેં એક ચમાર કા બેટા કભી પ્રાઈમ મિનિસ્ટર નહીં બન સકતા. બાબુજી છેક નહેરુના પ્રથમ મંત્રીમંડળથી સતત કોંગ્રેસના વરિષ્ઠ નેતા હતા. તેઓ સફળ મંત્રી તરીકે ઈંદિરા ગાંધી મંત્રીમંડળમાં પણ કામગીરી કરતા રહ્યા. રેલમંત્રી તરીકે એમણે કરેલી કામગીરી નોંધપાત્ર રહી છે. સંરક્ષણમંત્રી તરીકે એમના નેતૃત્વમાં પાકિસ્તાન સામેનું યુદ્ધ જિતાયું હતું. જગજીવનરામ જનતા આંદોલનમાં જોડાયા અને નાયબ વડાપ્રધાન તરીકે પણ રહ્યા. કાંશીરામ નામના ચમાર નેતા મૂળે તો સરકારી અધિકારી હતા. એમને સરકારી અધિકારી તરીકે રાજીનામું આપી તમામ સરકારી દલિત સમાજના અધિકારોનું સંગઠન સાધી એમના સહકારથી એમની બહુજન સમાજ નામની રાજકીય પાર્ટી બાવી હતી. માયાવતીને એક સ્કૂલ ગર્લ તરીકે નિહાળ્યા પછી કાંશીરામે એમનો કબજો લઈ લીધો અને એમાંથી પ્રાપ્ત થયાં ઉત્તરપ્રદેશને ત્રણ ત્રણ વાર નેતૃત્વ આપી નાની વયે મુખ્યમંત્રી પદ સંભાળનારાં 'બહેનજી.' આ હુલામણા નામે એમને ઉત્તરપ્રદેશ, દિલ્હી અને પંજાબ કે મધ્યપ્રદેશ - રાજસ્થાન સુધી લોકપ્રિય બનાવ્યા. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ અયોધ્યામાં બાબરી ધ્વંસ થયા પછી આવેલી ચૂંટણીઓમાં હાથ મિલાવી ઉત્તરપ્રદેશની સત્તા હસ્તગત કરી હતી પરંતુ સત્તાની સાઠમારી અને ભાગબટાઈમાં ઝઘડો થતાં બે પાર્ટીઓ વચ્ચે બાપે માર્યા વેર બંધાઈ ગયા. મુલાયમસિંહ અને માયાવતી સામસામે ધ્રુવો તરીકે પ્રસ્થાપિત થયાં, દલિત, યાદવ અને મુસ્લિમ વોટ બહેંચાઈ જવા પામ્યા જેનો સૌથી મોટો લાભ ભારતીય જનતા પાર્ટીએ ઊઠાવ્યો હતો. ભાજપ માટે મૂળે કોંગ્રેસી વિચારધારા ધરાવતી આ બેઉ પ્રાદેશિક પાર્ટીઓની લડાઈ એટલી હદે લાભદાયક પુરવાર થઈ ચાલી કે રાજનાથસિંહના અને યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળ ભાજપ ઉત્તરપ્રદેશની ધુરા સંભાળી શક્યું અને કાલાંતરે મોદી વાવાઝોડામાં તો બેઉ પ્રાદેશિક પાર્ટીઓનો લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીમાં રીતસરનો રકાસ જ થઈ ગયો. કોંગ્રેસ નબળી પડતી પડતી અમેઠી અને રાયબરેલીની બે બેઠકોમાં સમેટાઈ ગઈ. હવે જયારે મોદી શાસન અને યોગી શાસન વિરુદ્ધ મહાગઠબંધનની હવા ચાલવા માંડી છે ત્યારે આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે યોજાયેલી ત્રણ ત્રણ પેટાચૂંટણીઓ અને પાંચ રાજયોની વિધાસનભાની ચૂંટણીઓમાં ભાજપની હવા નીકળી જાય એવાં પરિણામો મળતાં સપા-બસપાએ ઉત્તર પ્રદેશમાં હાથ મિલાવ્યા છે. સપા-બસપા સાથે મહાગઠબંધનમાં કોંગ્રેસને ગઠબંધનમાં સમાવી જોખમ વહોરવા નથી માગતા. કોંગ્રેસે જનારાધ એટલી હદે ગુમાવી દીધો છે કે એના નામે દેશના આ સૌથી મોટા રાજયમાં પ્રાદેશિક પાર્ટીઓને ઊલટાનું નૈતિક ધોરણે નુકશાન થાય એમ છે. જો કે કોંગ્રેસ માટે આવું નીચાજોણું એ રાષ્ટ્રીય શરમ ન બની રહે એ હેતુસર રાહુલ ગાંધીએ ગુમાવેલો જનાધાર પરત મેળવવાની કવાયત આરંભી છે. જો કે કોંગ્રેસના ઉમેદવારોની હાજરીથી ઉતરપ્રદેશમાં ત્રિકોણીયો જંગ ખેલાશે, જેનો લાભ ભાજપને મળવાની પૂરી સંભાવના છે. આ નુકશાન ખાળવા માટે સપાના વડા અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે ચોખ્ખા શબ્દોમાં 'ઉત્તરપ્રદેશના વડાપ્રધાન' બનાવવાની રજૂઆત કરી છે અને માયાવતીનું નામ આગળ ધર્યું છે. ઉત્સાહમાં આવી ગયેલાં દલિત મહિલા નેતા કોંગ્રેસને બોઠપાઠ ભણાવવાનો અને ભાજપને હરાવવાનો સંયુક્ત મનસૂબો ધરાવ છે. કોંગ્રેસ માટે એમણે માત્ર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સામે ઉમેદવાર નહીં મૂકવાનો ફોર્મ્યુલા મૂકી છે. જેથી ચૂંટણી પછીનાં સમીકરણોમાં સમાન વિચારધારાના મુદ્દે કોંગ્રેસનો સહયોગ મેળવવામાં સરળતા રહે - માયાવતીની મહત્ત્વાકાંક્ષાને મહાગઠબંધનના શરદ પવાર, ચંદ્રાબાબુ નાયડુ અને મમતા બેનરજી ચૂંટણી પછીના સંભવિત તથા ડાબેરીઓનો કેટલો સહકાર સાંપડશે એ પ્રશ્ન જ છે.

# કેલેન્ડર નહીં, ભવિષ્ય ઉજળું...



## નવાં કલેવર

નટવર હેડાઉ

રામભાઈએ પોતાના ઓરડાનું તાળું ખોલ્યું, ટેબલને વ્યવસ્થિત કર્યું. બારીઓ ખોલી તે વખતે જ તેમની દૃષ્ટિ દિવાલ પર ટીંગાડેલ કેલેન્ડર પર પડી. 'અરે આજ સોળ તારીખ થઈ હજુ ડીસેમ્બરનું કેલેન્ડર લટકેલું છે.' રામભાઈ વિચારવા લાગ્યા. અણગમા સાથે કેલેન્ડર ઉતાર્યું અને ખુરશી પર બેસી ગયા. તેમને ચશ્મા કાઢ્યા હથેળીથી આંખો દાબી. ચશ્માને રૂમાલથી સાફ કર્યા પહેર્યા અને જોવા લાગ્યા. જાન્યુઆરી... ફેબ્રુઆરી... માર્ચ... એક વર્ષમાં કેલેન્ડર કેવું થઈ ગયું છે. રામભાઈ એ સમયના પરિવર્તનને ફક્ત જોયું નથી અનુભવ્યું પણ છે. સમય કેટલો બદલી ગયો છે. પહેલાં સાધનો ઓછાં હતાં છતાં જવાબદારીથી એક બીજાનાં સુખદુઃખમાં ભાગીદાર બનતા. રામભાઈ ભૂતકાળમાં ખોવાયેલા હતા. વર્તમાનમાં તેમને શું મળ્યું? ભવિષ્ય કેવું હશે ? તેની કોઈ સ્પષ્ટ તસ્વીર દેખાતી ન હતી.

રામભાઈ સ્વતંત્ર ભારતમાં ભણી ગણીને નિશાળમાં ભણાવતા હતા. મા-બાપનું એકનું એક સંતાન હતા. ગામડે ખેતી પણ હતી તેથી ભરણપોષણમાં કોઈ મુશ્કેલી ન હતી. તેમના મગજમાં એક ધૂન હતી. કઈ રીતે સમાજ સુધી થાય? કઈ રીતે યુવાનોનું સંસ્કાર ઘડતર થાય? થોડાં વરસ આમ વિતાવ્યા પછી તે શહેરમાં આવી ગયા.

ધીરે ધીરે સમાજ બદલી રહ્યો હતો. ગામડાં શહેર બનવા લાગ્યા હતા. મોટા ભાગનો યુવાવર્ગ પાનની દુકાનો કે ચ્હાની લારીઓ પર દેશ અને સમાજની ચર્ચા કરતાં જોવા મળતો હતો. તે શહેર પણ મોટાં થયાં. હવે એ જ ચર્ચાઓ કોફી હાઉસમાં શિફ્ટ થઈ ગઈ. યુવાવર્ગ ધર્મ અને રાજકારણ અંગે ખુલીને ચર્ચા કરતો થયો.

રામભાઈઆ પરિવર્તન જોતા હતા. અમુક યુવાનોએ દાઢી અને વાળ વધાર્યા હતા. મતલબ વિનાની ચર્ચાઓ થવા લાગી આ બધા યુવા તર્ક કહેવાતા હતા. કૉફી હાઉસમાં એક ખૂણે આવા દાઢીવાળાઓ ભેગા થવા લાગ્યા. જેની દાઢીને વાળ મોટા તે સૌનો નેતા. દાઢીની સાઈઝને હિસાબે યુવકોમાં નકારાત્મકતા પણ ઝલકવા લાગી.

તે દરમિયાન રામભાઈની બદલી દૂરના ગામડાંની સ્કૂલમાં થઈ ગઈ. રામભાઈ ત્યાં ગયા. ભારતની જનતા હવે વોટનું મહત્ત્વ, ચૂંટણીને રાજકારણને સમજવા લાગી. ખુરશીની મહત્તા તેને સમજાતી હતી. રાજકારણ એક ધંધો બની ગયો હતો. રામભાઈની બદલી એકગામથી બીજે ગામ અને એક શહેરથી બીજા શહેરમાં થવા લાગી. તે અધિકારીઓ પાસે જતા. વૃદ્ધ માતાપિતા અને ગામ પ્રત્યે પોતાની લાગણી સમજાવી નજીક રહેવા કાલલૂદી કરતા. થોડા સમય બાદ આ વ્યવસ્થા મંત્રીઓ પાસે જતી રહી. હવે બદલી રોકવા કે ઈચ્છિત સ્થાને કરાવવા સચિવાલય ધક્કા શરૂ થઈ ગયા. વર્ષમાં ત્રણ ત્રણ વખત બદલી થતાં અરજી લઈ લેતા. કંઈ થતું નહીં.

ગામડાં અને શહેર સડકથી જોડાવા લાગ્યા. ટ્યુબ વેલથી ધરતીના પેટાળમાંથી પાણી ખેંચાવા લાગ્યું. હાં એવું બનતું કે ચોમાસાંનો પહેલો વરસાદ પડતાં એક ગામથી બીજા ગામનો રસ્તો ધોવાઈ જતો. કલાકોના કલાકો સુધી વિજળીના ધાંધીયા થતાં ટ્યુબવેલ ચાલતા નહીં વિજળીના થાંભલા જાણે મૂક પ્રેક્ષક બની બધું જોઈ રહેતાં.

રામભાઈ એ રાજીનામું ધરી દીધું. જયારે તેમને એમ ખબર પડી કે બદલી રોકવા કે કરાવવાના રૂપિયા આપતા પડશે. સ્વતંત્ર ભારતનું જે સપનું તેમને જોયું હતું તે દૂર દૂર સુધી કયાંક સાકાર થતું દેખાતું ન હતું. પરિવર્તનનો એવો પવન વાયો કે શિક્ષણ, રાજકારણ, સામાજિક બંધન, સભ્યતા અને સંસ્કૃતિનું વ્યાપારી કરણ થઈ ગયું. સમાજ જાતિ, ધર્મ, જનતા અને સત્તા વહેંચાવા લાગી. રામભાઈએ પોતાના ઘરમાં જ સ્કૂલ ખોલીને નાનાં નાનાં બાળકોને ભણાવવા લાગ્યા. તેમને હજુ આશા હતી કે આમાંથી કોઈક ને કોઈક બાળકો મોટાં થઈ તેમના સપનાનું ભારત સાકાર કરશે. ઉંમર થઈ જતાં હવે બીજું તે કરી પણ શું શકે? તેમની રોજિંદી દિન ચર્યામાં હજુ પણ કોઈ ફરક આવ્યો ન હતો. છોકરાંઓની સંખ્યા ઘટી હતી પણ તેમની દુનિયા એવી ને એવી જ હતી. હાં હવે એ ટેલિવિઝન જોતા, બનતા બનાવો અંગે મનન કરતા. જો મળે તેને કહેતા આપણે દેશહિતમાં કંઈક યોગદાન આપવું જોઈએ.

રામભાઈની એકાગ્રતા તૂટી, નાનાં નાનાં બૂલકાઓ આવવા લાગ્યા. તે ફરી પોતાની દુનિયામાં આવી ગયા. પરંતુ તે હજુ એ જ વિચારવા હતા કે આ બાળકોમાંથી કોક નવી ક્રાંતિના ઉદ્ગાતા બનશે. મહાપુરુષોના જીવન વૃતાંતોને આત્મસાત્ કરી દેશને ગરીબી, બેકારી, ભૂખમરા અને આતંકવાદ સામે લડી વિશ્વગુરુ બનાવવાની કોશિષ કરશે.

'આઝાદ ભારતનો સુકો રોટલો, ગુલામીની ખીરપુરી કરતાં સારો છે.' તે બબડ્યા અને જૂના કેલેન્ડરને એક તરફ મુકી દીધું.' મનમાં હતું કે નવું કેલેન્ડર કેવું હશે ? જેવું હોય તેવું પણ ભવિષ્ય ઉજ્જવળ છે.

# જીવનની નિર્ણાયક ક્ષણ : ધન્ય ઘડી ધન્ય ભાગ્ય



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

વ્યક્તિના જીવનમાં જવલ્લે જ ઉદભવતી એ ક્ષણ એવી હોય છે કે વ્યકિતએ તત્ક્ષણ જ નિર્ણય લેવાનો હોય છે. વ્યક્તિએ માત્ર નિર્ણય લઈને એ ક્ષણે બેસીને રહી જવાનું નથી હોતું પણ તત્કાળ નિર્ણય લીધા પછી તે પ્રમાણે કાર્ય પણ નિભાવવું પડે છે. આખલા સાથેની સાઠમારીમાં લડનાર વ્યકિત જો આખલાને ક્રૂરતાપૂર્વક મારી નાખવાની ક્ષણ ચૂકી જાય તો તે પોતાના માટે પ્રાણઘાતક નીવડી શકે છે. એવી જ રીતે વ્યક્તિના જીવનમાં પણ ઉદભવેલી એ જ પ્રકારની ક્ષણે જો વ્યકિત નિર્ણય લઈને તેનો તત્કાળ અમલ ના કરે તો તેની જિંદગી પણ આત્મઘાતક બની શકતી હોય છે.

જીવનમાં ઉદભવેલી કટોકટી ક્ષણે વ્યકિત પાસે વિચારવાનો સમય પણ નથી હોતો છતાં એ નિર્ણાયક ઘડીએ એક આત્યંતિક નિર્ણય લેવો પડતો હોય છે. એ ક્ષણે વ્યકિતને પોતાનો નિર્ણય લેવો માટે અંતઃસ્ફુરણા થતી હોય છે. ક્યારેક વ્યકિત ની અંતઃદ્રષ્ટીના પડ ખૂલી જતાં હોય છે અને તેને કારણે વ્યકિત એકદમ સાચો અને સચોટ નિર્ણય લઈ શક્તી હોય છે. આવું હમેશા બને એવું નથી અને ના બને એવું પણ નથી હોતું. વ્યકિતની પોતાની અંતઃસ્ફુરણા કે અંતઃદ્રષ્ટીને કારણે લેવાયેલો નિર્ણય હમેશા વિશિષ્ટ અને નવોન્મેષ હોય છે જેના વિષે વ્યકિતએ પોતે પણ ભાગ્યે જ વિચાર્યુ હોય છે. નિર્ણાયક ઘડીએ પોતાની અંતઃસ્ફુરણાથી લીધેલો નિર્ણય ક્યારેક વ્યકિતને પોતાને પણ આશ્ચયચકિત કરી દેતો હોય છે.

જીવનમાં ઉદભવેલી નિર્ણાયક ક્ષણે સૌથી મોટી કસોટી વ્યકિતની હિંમત અને સાહસવૃતિની થતી હોય છે. એ ક્ષણે વ્યકિતએ પોતાની તમામ હિંમત એકઠી કરવી પડતી હોય છે. એ હિંમત એકઠી કરીને નિર્ણય લેવાનું અને નિર્ણય પ્રમાણે કાર્ય કરવાનું સાહસ પણ કરવું પડતું હોય છે. વ્યકિત જો ક્ષણે હિંમત હારી ગઈ તો પત્યુ, વ્યકિતને બધુ જ ખોઈ બેસવાનો વારો આવે છે. એ ક્ષણે જ પેલી કહેવત 'હિંમતે મર્દા તો મદદે ખુદા' સાર્થક થતી હોય છે.

વ્યકિતને પોતાના જીવનમાં કેટલીક તકો ભાગ્યે જ મળતી હોય છે. જીવનમાં ઉદભવેલી નિર્ણાયક ક્ષણે પણ વ્યકિત એક જ તક મળતી હોય છે. એ ક્ષણે નિર્ણય કરીને મારેલો 'ઘા' આખરી 'ઘા' જ હોય છે. વ્યકિત જો એ 'ઘા' ચુકી ગઈ તો પછી બીજીવાર એ 'ઘા' મારવાની તક નથી મળતી. તેથી વ્યકિતએ સમજી, વિચારી, પોતાની બધી જ શક્તિઓ એકઠી કરીને, ધીરજ રાખીને, સચોટ રીતે 'ઘા' મારવાનો હોય છે. એ ક્ષણે વ્યકિતએ અર્જુનની જેમ ચકલીની આંખનું નિશાન લઈને જ તીર છોડવાનું હોય છે. એ ક્ષણે એક 'ઘા' માત્રથી, એ આખરી 'ઘા' થકી વ્યકિત પોતાના જીવનનો જંગ જીતી જતી હોય છે.

આપણે જાણીએ છીએ કે આપણે સૌ આપણાં સંબધો સાથે જ જીવીએ છીએ. સંબંધો થકી જ આપણે ટકી રહ્યા છીએ. બીજા શબ્દોમાં કહીએ તો સંબંધો વિનાનું જીવન કદાચ જીવન જ નથી. આપણાં સંબંધોના વિશ્વમાં પણ આ પ્રકારની કટોકટીની ક્ષણો ક્યારેક ને ક્યારેક તો ઉદભવતી રહેતી હોય છે. સંબંધોની કટોકટીની એ એક જો સાચવી ન શકીએ તો કદાચ આપણાં જેવી કમનસીબ વ્યકિત કોઈ જ ના હોય શકે. સંબંધોની એ એક ક્ષણને જો સાચવી લીધી તો કદાચ આપણાં જેવી સદનસીબ વ્યક્તિ પણ કોઈ જ ના હોય શકે.

વ્યકિતના જીવનમાં ઉદભવતી એ નિર્ણાયક ક્ષણ આર્થિક પણ હોય શકે, સામાજિક પણ હોય શકે, જીવન-મરણની પણ હોય શકે અને સંબંધોની પણ નિર્ણાયક ક્ષણ હોય શકે. કોઈપણ પ્રકારની એ ક્ષણ હોય, વ્યક્તિએ સંપૂર્ણ ધૈર્ય, હિંમત, સાહસ અને અંતઃસ્ફુરણાથી પોતાનો નિર્ણય લઈ શકે અને તેનો અમલ કરી શકે તો મોટેભાગે સફળતા મળી શકતી હોય છે.

મહાભારતના યુધ્ધ દરમ્યાન અશ્વત્થામા નામના હાથીના મૃત્યુ સમયે યુધિષ્ઠિરના વચનો અને એ પ્રસંગ સાથે એક શબ્દ જોડાયેલો છે આપદધર્મ. જ્યારે જ્યારે જીવનમાં મોટું જોખમ ઊભું થાય, જીવનમાં જ્યારે જીવન–મરણની કટોકટી સર્જાય છે એ ક્ષણે બચી હોય છે કોઈપણ ભોગે જીવનને બચાવી લેવાની માત્ર ઝંખના. જીવી જવાની ઝંખના. એ ક્ષણે જીવનના બધા જ નિયમો અને સિધ્ધાંતોને કદાચ તોડવા પણ પડે. મૃત્યુ આપણી સામે આવીને ઊભું હોય એ ક્ષણે બચ્યો હોય છે માત્ર અને માત્ર આપદધર્મ એટલે કે આપતી સમયે પાળવાનો ધર્મ. એ સમયે જીવ બચાવવા સિવાયના બધા જ ધર્મો કે સિધ્ધાંતો અપ્રસ્તુત બની જતાં હોય છે. આવું જ માનવીય સંબંધોનું છે. જીવનમાં જ્યારે સંબંધોની કટોકટીની ક્ષણ આવે છે ત્યારે બધાજ સિધ્ધાંતો, નિયમો અને ધર્મને છોડીને માત્ર આપદધર્મ નિભાવીને સંબંધોને બચાવી લઈએ કારણ કે એ સમયે સંબંધો સિવાયનું બધુ જ અપ્રસ્તુત બની જતું હોય છે.

આપણાં સંબધોમાં આ પ્રકારની નિર્ણાયક ઘડીઓ જ્યારે જ્યારે ઉદભવે છે ત્યારે જો આપણે જાગૃત રહી શકીએ તો આપની એ ક્ષણ "ઘડી ધન્ય ઘડી ધન્ય ભાગ્ય." આપણાં જીવનમાં ઉદભવેલી સંબધોની એ ક્ષણે જો સંબધો સાચવવા પ્રત્યેની આપણી નિષ્ઠા નિભાવીએ, આપના સંબંધોને માન-સન્માન આપવા માટે થોડી ત્યાગભાવના રાખીએ, થોડી બાંધછોડ કરીએ તો એ ક્ષણ આપણાં જીવનનો એક મહામૂલો ઉત્સવ બની શકે. એ ક્ષણ આપણાં સંબધોના વિશ્વને પ્રકાશમય બનાવી શકે છે. એ ક્ષણ આપણાં સંબધો દિવ્યતા પ્રગટાવી શકે. એ ક્ષણને આપણે 'સંબધોનો ક્ષણયોગ' જેવુ શુભ નામ પણ આપી શકીએ. સંબંધોનો એ ક્ષણયોગ બે આત્માઓને જોડી શકે, એ ક્ષણ બે આત્માઓનો યોગ બની શકે.

# મેનેજમેન્ટની સફળતાનું સૂત્ર : સહજ રીતે સ્વીકૃત કરવું!



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

વિશ્વશાંતિ નામનું કબૂતર કયાંય ચેનથી બેસી શકે તેવી સ્થિતિ રહી નથી. સર્વત્ર ધૃણા, નફરત, વિવાદ,શોષણ, દંભ ક્રૂરતા એટલી હદે વધતા જાય છે કે પ્રત્યેક ઈન્સાન વાસ્તવમાં અજંપો બેચેની સતત અનુભવી રહ્યા છે. જીવનની શાંતિ જીવનની જીજીવિષા, અરમાનો, સ્વપ્નો ક્રમશઃ તૂટી રહ્યા છે! કુદરતી બાળપણ લુપ્ત થઈ ગયું અને વૃદ્ધાવસ્થા હવે નિસાહયતાના આંગણે દુઃખી જોવા મળે છે. યુવાવસ્થામાં જીવનને સાકાર કરવા માટે બધી સક્ષમતા હોય તેમ છતાં સામાજિક, આર્થિક અને નીજી સ્થિતિએ કક્ષાએ પહોંચી ગઈ છે કે દિલ કે અરમાં આસું મેં બહ ગયે !! અરમાન તો આકાશને સ્પર્શી લેવાના હોવા છતાં કશું થઈ શકે નહીં ત્યારે પેદા થાય છે. આક્રોશ અને જીદ જે સમાજ માટે ઘાતક સાબિત થતો હોય છે. જીવનની આધિ વ્યાધિ અને ઉપાધિ વધતા પરિવારમાં સંસ્કાર સિંચન ધોવાઈ ગયું છે તેથી ભાવિ નાગરિકો ગુણવત્તા વાળા મળવા હવે દુષ્કર થઈ રહ્યા છે. પરિવારનું એકમ જેનો પ્રબંધક છે પરિવારનો મુખ્ય વ્યક્તિ એ ખુદ પરેશાન છે કુટુંબ કેમ ચલાવવું એ મોટી સમસ્યા છે. કારણ કે ખર્ચા વધતા જ જાય છે તો બીજી તરફ આવક વૃદ્ધિ અસંભવ છે. પરિવારના સભ્યોને સહજ સ્વીકારવાનું અર્થાત પ્રબંધન જેવી ગુણવત્તા ઉપર ઉમદા ફળની અપેક્ષા હોય છે. કોર્પોરેટ જગતમાં મેનેજમેન્ટ પાસે સહજ સ્વીકૃતિનો ગુરુમંત્ર જ નથી! જે મળ્યું તેને સ્વીકૃત કરો તો આગળનું આયોજન શકય બની શકે છે. પરિસ્થિતિ સાનુકૂળ જ મળે કે થાય એ ખ્યાલ ભુલ સભર છે. વ્યક્તિએ સ્વયં ને સ્થિતિ અનુસાર એડજસ્ટ કરવાની કુશળતા કેળવવી જ પડે છે. મતમતાંતર દરેક તબક્કે ઊભા થવાનાં, વિચારોનું ઐક્ય ખોરવાય એ પણ સહજ હોય ત્યારે ખુદને ન્યાય આપવા અને પરિણામો લક્ષી સહજ ઊભી કરવી એ સાચું મેનેજમેન્ટ હોય છે.

વાસ્તવમાં જીવન પ્રવાહમાં ક્રમ કેવો છે? પોતાને શું અનુકૂળ રહેશે ? એ પ્રશ્ન ઉપરથી આગળ વધવામાં આવે છે. સમગ્ર હાલત ને માણસ એકલો બદલી શકતે જ નહીં એટલે સફળતાની ચાવી છે - સહજ સ્વીકાર કરો. સહજ સ્વીકારમાં સ્નેહ, સચ્ચાઈ, પ્રામાણિકતા અપેક્ષિત છે જો એ નહીં હોય તો મન વગરના કામો માત્ર અશાંતિ ને પેદા કરશે. સ્થિતિનો સ્વીકાર કરવો એ મોટું તત્ત્વજ્ઞાન છે, એ ધીરજ કે ધૈર્યનો દરવાજો છે ! કાં તો સ્વીકાર કરો અથવા પરિસ્થિતિને બદલાવો, એ શાશ્વત સિદ્ધાંત છે. કેટલાક પરિવર્તનો એટલા તીવ્ર અને ગતિશીલ છે કે વ્યક્તિ તદ્દન અર્થહીન થઈ જાય છે, પ્રયાસો અને કર્મ પણ ધારદાર રહેતા નથી ત્યારે શું કરવું? એ ચિંતનનો મુદ્દો છે. જીવનના પ્રત્યેક તબક્કે અપેક્ષાઓ વિરુદ્ધ વાસ્તવિકતાની કશ્મકશ ચાલતી હોય છે. આશાઓનું સ્તર કમ કરો તો સ્વીકારના માર્ગ તરફ સફળતાથી જઈ શકશો, બીજુ હકીકતો ને પણ જે હોય તેને માની લો કે એ યોગ્ય જ છે પછી પરિવર્તન થઈ શકશે કેમ કે માણસનું અડધું સૌંદર્ય પોતાની જીભમાં હોય છે શબ્દોથી વહાલ અને તાકાત ઊભી કરી શકાય છે. સારા-પ્રબંધક બનવા પ્રયાસ કરો પણ તે સાબિત કરવાનાં બધા પ્રયાસો ના કરો. લોકો પારખવાની કોશિશ વધુ કરતા રહેશે પરંતુ સમજવાના પ્રયાસો બહુ જ કમ કરે છે. અમર આશા ને છોડીને ઘોર નિરાશાને ઓઢવાની ચેષ્ઠા પરિણામો ને બદલાવી નાંખે છે! ધર્મ અને સ્વધર્મને સાથે રાખીને આગળ વધશો તો સફળતા સામે ચાલીને અવશ્ય મળશે. ભગવાન રામચંદ્ર લંકા ઉપર ચઢાઈ કરવા અને સીતામૈયા ને બંધનથી મુક્ત કરાવા ગયા હતા ત્યારે સૈન્યમાં ઐશ્વર્ય જોયું અને સ્વીકૃતિ આપી અને રાવણની લંકાનો આ જ સૈન્ય ખાત્મો બોલાવી નાંખ્યો જેની આગેવાની હનુમાનજી મહારાજે સંભાળી હતી. સહજ સ્વીકાર એ પરમ સિદ્ધાંત છે. જો જીવનમાં વિજળી થવું હશે તો મમત્વ ત્યજી સ્વીકાર કરો.

ભગવાન શ્રીકૃષ્ણ તો કહે જ છે કે તું મારે શરણે આવ. ઈશ્વર જીવ માત્રનાં જન્મદાતા, પાલક, પોષણકર્તા અને લયકર્તા છે માટે એ દરેકને સહજ સ્વીકાર કરી દરેકની પ્રાર્થના રોજ સાંભળે છે. મુશ્કેલી તો સભ્ય સમાજનાં કહેવાતા મેનેજમેન્ટમાં છે. 'યસ સર' ની જે સંસ્કૃતિ ઊભી થઈ છે ત્યારથી સાચો કર્મ યોગ ગાયબ થઈ ગયો છે ! બધા પોતાના હોય તો પ્રશ્ન હળવો થઈ જાય અને આ ત્યારે જ હકીકત બને જયારે પ્રબંધન સૌનો સ્વીકાર કરતું હોય. ટાર્ગેટ આધારિત આયોજનમાં માનવીય સંવેદનાઓની બાદબાકી થઈ જાય ત્યારે મેનેજમેન્ટ કદી સફળ થઈ શકતું નથી. ગ્રાહક ને બાદ કરો તો બજાર ગુમ થઈ જાય છે હાલમાં સમાજ પ્રતિદિન જાતિ-જ્ઞાતિઓમાં વહેંચાઈ રહ્યો છે એ ગંભીર હાનિ છે, રાષ્ટ્ર ઐક્યને ધક્કો લાગે છે. સહજ સ્વીકૃતિ નથી તો કશું જ નથી. બધાની પાસે બધુ જ હોય તે પ્રકારની ખ્વાહિશ જ ખામી વાળી છે. કૌશલ્ય વર્ધન એટલા માટે જ પ્રબંધનનો એક ભાગ હોય છે. સહજ સ્વીકારમાં વિઘ્નરૂપ તત્ત્વો અવશ્ય હોય છે તેમ છતાં તેના તરફની દૃષ્ટિ સુધારવી પડે અથવા જતુ કરવું કે મન મોટું રાખી ને આગળ જવું પડે છે. બધાનો આદરથી સ્વીકાર એ પ્રગતિનો માર્ગ બનતો હોય છે. વાદવિવાદથી કશું નક્કર પ્રાપ્ત થઈ શકતું નથી. ગૃહકલેશ, દંગા, કટ્ટરવાદના મૂળમાં જે બીજ છે તેમાં જુઓ તો અસ્વીકારની આગ જ જોવા મળશે. સહજ સ્વીકાર એ સાફલ્યનું સૂત્ર છે.

**શેર આસ્વાદ :**
**અવકાશમાં નિઃશ્વાસ બની ઘૂમી ઘૂમી**
**એકાંતમાં પછડાય છે તારી ને મારી વાત**
**(રમેશ પારેખ)**

# ચોરી કરવી



## થોટ

નટવર આહલપરા

અગિયાર વ્રતમાં ચોરી ન કરવી તેનું પાલન કરવા કહ્યું છે પણ આજે સર્વત્ર અનેક પ્રકારની ચોરી થાય છે. ચોર પોતાનું પેટ ભરા ચોરી કરે છે એ તો સમજયાં ! જયારે કર્મચારીઓ, અધિકારીઓ સમયની ચોરી કરે, કચેરીમાં મોડા આવે અને વહેલા જાય છે તેનું શું ?

ગુજરાતની ઘણી બધી ધમધોકાર ચાલતી કાપડની મિલ બાંધ થઈ ગઈ તોની પાછળનું કારણ કારીગરોની કામચોરી. કામમાં તો કામચોરી કરતાં પણ મિલ બહાર નીકળતા પહેલા રેશમી કાપડ પગમાં વીંટાળી કાપડની ચોરી કરતાં. માનચેસ્ટર અમદાવાદમાં મિલનાં ભૂગળાં ઊભા છે.

ગાંધીજીએ ચોરી કરી હતી પણ તેમનો તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં એકરાર કર્યો છે. વન અધિકારી લાકડાની ચોરી કરે. ડેમ બાંધતા ઈજનેરો સિમેન્ટની ચોરી કરે છે.

ચોરીના અનેક નુસખા છે. ચોરી કરવી પાપ છે છતાં આજે લાખો, કરોડોની ચોરી કરનાર ચોર ભગવાનના મંદિરમાં દેવ-દેવીઓના આભૂષણો પણ ચોરી જાયછે. મજબૂત એ.ટી.એમ. ને તોડી ચોરી કરનારના રોજ-રોજ પોતાની નવી-નવી યુક્તિ-પ્રયુક્તિ અજમાવે છે.

જોકે કયાંક પ્રામાણિક રિક્ષાવાો પોતાની રિક્ષામાં પૈસા ભરેલી લાખોની બેગ મૂળ માલિકને પરત કરે છે તો બીજી બાજુ ચોરી કરનારની ટોળકી દિવસે દિવસે વધતી જાય છે. ખરેખર ચોર, ચોરીના રવાડે શા માટે ચડે છે તે પણ જાણવું જોઈએ.